Dr. Shikha Dharia
BDS

**Treatments we offer :**
- Consultation with X-ray
- Scaling
- Root Canals
- Filling
- Implants
- Dentures
- Crowns
- Teeth whitening
- Orhtodontic treatment
- Child dental care
- Dental jewellary



**To avail a free consultation and 15% Discount on all your treatment Call us on :**
**8779558970**
**8879088330**
dr.shikhadharia@gmail.com

Address : 9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building, Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai 400 007
Monday to Saturday : 10.00am to 8.00pm

# યાદ રાખવાની મહત્વપૂર્ણ બાબતો

- શિરીષભાઈ પરીખ (ચા ગરમ)

૧. બી.પી. : ૧૨૦/૮૦
૨. પલ્સ : ૭૦ - ૧૦૦
૩. તાપમાન : ૩૬.૮ - ૩૭
૪. શ્વાસ : ૧૨-૧૬
૫. હિમોગ્લોબિન : પુરુષ - ૧૩.૫૦ - ૧૮
સ્ત્રી - ૧૧.૫૦ - ૧૬
૬. કોલેસ્ટ્રોલ : ૧૩૦ - ૨૦૦
૭. પોટેશિયમ : ૩.૫૦ - ૫
૮. સોડિયમ : ૧૩૫ - ૧૪૫
૯. ટ્રાઈગ્લિસરાઈડ્સ : ૨૨૦
૧૦. શરીરમાં લોહીનું પ્રમાણ : PCV ૩૦-૪૦%
૧૧. સુગર લેવલ : બાળકો (૭૦-૧૩૦)
પુખ્તો : ૭૦ - ૧૧૫
૧૨. આયર્ન : ૮ - ૧૫ મિલિગ્રામ
૧૩. શ્વેત રક્તકણો WBC : ૪૦૦૦-૧૧૦૦૦
૧૪. પ્લેટલેટ્સ : ૧,૫૦,૦૦૦ - ૪,૦૦,૦૦૦
૧૫. લાલ રક્તકણો RBC : ૪.૫૦ - ૬ મિલિયન
૧૬. કેલ્શિયમ : ૮.૬ - ૧૦.૩ mg/dl
૧૭. વિટામિન D3 - ૨૦ - ૫૦ mg/ml
૧૮. વિટામિન B12 - ૨૦૦-૯૦૦ pg/ml

૪૦/૫૦/૬૦ વર્ષના વરિષ્ઠ લોકો માટે ખાસ ટીપ્સ:

૧. જો તમને તરસ ન હોય અથવા જરૂર ન હોય તો પણ હંમેશા પાણી પીવો. સૌથી મોટી સ્વાસ્થ્ય સમસ્યાઓ અને તેમાંથી મોટાભાગની સમસ્યા શરીરમાં પાણીની ઉણપને કારણે છે. દિવસ દીઠ ઓછામાં ઓછા ૨ લિટર.

૨. શરીરથી બને તેટલું કામ કરો. શરીરની હલનચલન જેવી કે ચાલવું, તરવું અથવા કોઈપણ રમત હોવી જોઈએ.

૩. ઓછું ખાઓ.... વધુ ખાવાની ઈચ્છા છોડી દો.... કારણ કે તે ક્યારેય સારું લાવતું નથી. તમારી જાતને વંચિત ન કરો. પરંતુ કદમાં ઘટાડો કરો. પ્રોટીન અને કાર્બોહાઈડ્રેટથી ભરપૂર ખોરાક લેવો.

૪. જ્યાં સુધી એકદમ જરૂરી ન હોય ત્યાં સુધી વાહનનો ઉપયોગ કરશો નહીં. જો તમે કરિયાણા લેવા, કોઈને મળના અથવા કામકાજ કરવા માટે ક્યાંક જઈ રહ્યાં છો, તો તમારા પગ પર ચાલવાનો પ્રયાસ કરો. લિફ્ટ અને એક્સેલેટરને બદલે સીડીઓ લો.

૫. ગુસ્સો છોડો, ચિંતા કરવાનું બંધ કરો, વસ્તુઓને અવગણવાનો પ્રયાસ કરો. મુશ્કેલીકારક પરિસ્થિતિઓમાં તમારી જાતને નિમજ્જન કરશો નહીં. તેઓ બધા સ્વાસ્થ્યને બગાડે છે અને આત્માની કીર્તિ છીનવી લે છે. સકારાત્કમ લોકો સાથે વાત કરો અને તેમને સાંભળો.

૬. પ્રથમ, પૈસા પ્રત્યેની લગાવ છોડી દો. તમારી આસપાસના લોકો સાથે જોડાઓ, હસો અને વાત કરો. પૈસા અસ્તિવ માટે છે, પૈસા માટે જીવન નથી.

૭. તમારા વિશે અથવા તમે જે હાંસલ કરી શકતા નથી અથવા તમને જેનો આશરો લઈ શકતા નથી તેના વિશે ચિંતા કરશો નહીં. તેને અવગણો અને ભૂલી જાઓ.

૮. પૈસા, પદ, પ્રતિષ્ઠા, શક્તિ, સુંદરતા, જાતિ અને પ્રભાવ આ બધા અહંકારને વેગ આપે છે. નમ્રતા લોકોને પ્રેમની નજીક લાવે છે.

૯. જો તમારા વાળ સફેદ છે, તો તેનો અર્થ જીવનનો અંત નથી. આ એક સારા જીવનની શરૂઆત છે. આશાવાદી બનો, સ્મૃતિમાં જીવો, મુસાફરી કરો, આનંદ કરો, યાદો બનાવો !

૧૦. તમારા નાના બાળકોને પ્રેમ, સહાનુભૂતિ અને સ્નેહથી મળો ! કટાક્ષ કંઈ બોલશો નહીં ! તમારા ચહેરા પર સ્મિત મૂકો.

* * *

**Kunal Dharia**
**+91 98209 22411**

**Asit Dharia**
**+91 98200 39305**

norisys®



Electrical switchgear designed for perfection from the pioneer of modular switches in India. Each day Norisys engineers work to bring about a combination of innovative designs and materials in order to create products that are best suited to meet users requirements.

**Authorised Distributors:**

DEEPAK ELECTRIC CORPORATION

156, Lohar Chawl, Mumbai - 400 002.
Tel. : 022 - 2206 6539 | 2206 4839 | 2206 6745
Talkfree : *7777 | *3177 | 8530981229
Email: norisysmumbai@gmail.com | deepaknw@gmail.com

**Pankil Dharia**
**+91 98200 44351**

**Nishith Dharia**
**+91 98200 89657**

*Official Distributor of*

Schneider Electric | SELEC® Creating Best Value

**SENTINEL ELECTRIC CO.**

Mumbai Branch : Lawyers Chamber, 24, R.C. Mama Path, Lohar Chawl, Mumbai - 400 002.
Telefax : 022 - 2206 3528 | 2205 3536 | 2208 5915 | 2203 0555
Talkfree : *7365 | *7366 | 96194 57730
Email: sentinel.mumbai@gmail.com | Website : **www.sentinelelectricco.com**

# પૈસા નો ખેલ

- ભાવિક ભદ્રેશ મોદી (મોટાબાલી)

દરેક વસ્તુને મોટા થવા માટે પોષણ જોઈએ છે. જેમકે નાના બાળકોને 'મા' નું દૂધ, ભોજન, પાણી એવી જ રીતે વૃક્ષને પણ પાણી, હવા, સૂરજના કિરણોની જરૂરત રહે છે પણ જ્યારે વૃક્ષને ખાતર આપવામાં આવે ત્યારે તે વૃક્ષ પોતાની પૂરી ક્ષમતાથી મોટું થાય છે. અહીં ખાતર પોષક તત્વનો રોલ ભજવે છે. મતલબ જ્યારે જમીનમાંથી પોષક તત્વ ઓછું મળે ત્યારે તે ખાતર એને એ પુરું પાડે છે. મતલબ એમ કે જ્યારે કોઈ વૃક્ષને પોતાનું સર્વ શ્રેષ્ઠ આપવું હોય પણ પોષણ ને કારણે એ ના થઈ શકે ત્યારે ખાતર ના પોષણથી તે પોતાનું સર્વ શ્રેષ્ઠ આપે છે.

આવું જ કૈંક માણસ સાથે પણ છે. પૈસા માણસને એજ પોષણ પુરું પાડે છે જેનાથી માણસ પોતાનું સર્વ શ્રેષ્ઠ સમાજને આપી શકે છે.

અહીં જે માણસ દાનવીર છે તે પૈસા આવતાની સાથે જ વધુ દાન કરવાની નિયત બનાવશે. જે માણસ બહુ ધર્મિષ્ઠ છે તે વધુ ધર્મનો પ્રચાર કરશે. જે માણસ મોંઘી ગાડીનો શોખીન છે તે હજુ મોંઘી ગાડી લેશે. પણ જે માણસ આળસુ છે જેને કમાવાનો કામચોર છે તે હજુ મોટો આળસુ અને કામચોર બની જશે કેમ કે હવે તેને પૈસા કમાવવાની જરૂર નથી પૈસા તો ક્યાંકથી આવી ગયા. એમ જ જે માણસ અભિમાની છે પણ પૈસાની અછત ના કારણે તે પોતાનું અભિમાન દેખાડી નથી શકતો એ માણસ પૈસા આવતાની સાથે હજી મોટો અભિમાન બની જશે. જે માણસને દારૂ પીવાનો બહું શોખ છે પણ પૈસાની અછત ના લીધે નથી પીતો તો પૈસા આવ્યા પછી હજી વધારે પીવા લાગશે. આપણે ઘણીવાર વિચારીયે છીએ કે પૈસા આવવાથી પેલો બદલાઈ ગયો કે હવે પેલા ભાઈ પાસે બહું પૈસા આવી ગયા છે તો આપણને ભૂલી ગયા. તો મિત્રો, તમે ભૂલ કરો છે. પૈસા એ પેલા માણસને નથી બદલ્યો પણ પૈસાથી પેલા માણસની અંદરની ખાસિયત બહાર આવી ને વિકસી છે. પૈસા એ એના અંદર રહેલા અભિમાનને બહાર લાવવામાં મદદ કરી છે. પૈસા એ બસ ફક્ત ખાતરનું કામ કર્યું છે અને માણસની અંદર રહેલા કુપોષણવાળા વહેવારને પોષણ આપીને બહાર લાવ્યું છે. જેમ કેરીના ઝાડમાં ખાતર આપવાથી કેરી કંઈ લીંબુનું ઝાડ નથી બની જતું તે તો ફક્ત હજુ મીઠુંમધુરું બને છે. એવી જ રીતે લીંબુના ઝાડમાં ખાતર નાખવાથી તે રસદાર બને છે પણ છે તો તે ખાટ્ટું. તો કઈ કેરી નહી બને ? એવી જ રીતે પૈસા માણસને નથી બદલતો ફક્ત તેનામાં રહેલા ગુણોને તે વિકસાવે છે.

તો મિત્રો, જ્યારે પણ તમને લાગે કે તમારો કોઈ મિત્ર, ભાઈ, સગા સંબંધી, પાડોશી પૈસા આવવાથી બદલાઈ ગયા છે તો સમજજો કે તેબદલાઈ નથી ગયા તે તો તેવા જ હતા ફક્ત એમની ક્વૉલીટી હવે બહાર આવી છે.

***


## શાસ્ત્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)

**SANKALP ASTROLOGIST CONSULTANT**
**JYOTIRVID (MUMBAI)**

**જ્યોતિષ વિશારદ, કર્મકાંડ વિશારદ**

**(મૂડેતી - અમદાવાદ)**


જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત,
ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ,
શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ,
નારાયણ બલી, ડાઉઝીંગ ટેલી થેરેપી દ્વારા
વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન,
વેદોક્ત પુરાણોક્ત,
શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન
સંતોષપૂર્વક કાર્ય કરનાર

૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,
બાણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬

**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**
**Email : bhattgopal59@gmail.com**

# વિટામિન - ડી

- ડૉ. રીટા ગાંધી

વિટામિન ડી જેને ઘટે છે તેઓ માટે અચૂક વાંચવા જેવું .... વિટામીન ડી મેળવવા માટે વાંચો આ લેખ

મિત્રો,

હિંદુ ધર્મમાં દરેક તહેવારની ઉજવણી સાથે કોઈને કોઈ વૈજ્ઞાનિક અભિગમ હોય જ છે. આજે આપણે મકરસંક્રાંતિ ઉટલે કે ઉતરાયણના દિવસે થતા હેલ્થ બેનિફિટ વિશે જાણીશું.

વિટામીન ડી ની ઉણપ લગભગ ૮૦ ટકા લોકોને હોય છે તો આજે હું તમને એક એવી વાત જણાવીશ કે તમારા શરીરના વિટામીન ડી ની ઉણપમાં ખુબ જ સરસ પરિણામ આપશે.

આપણે સૌ જાણીયે છીએ કે વિટામીન ડી આપણાં શરીરમાં સૂર્ય પ્રકાશની મદદથી જ બને છે. વિટામીન ડી ઓસ્ટીઓપોરોસીસ (અસ્થીભંજકતા), હતાશા (ડીપ્રેશન), પ્રોસ્ટેટ કેન્સર, બ્રેસ્ટ કેન્સર વગેરે સામે રક્ષણ આપે છે. એટલું જ નહીં ડાયાબીટીસ અને વધુ પડતા વજનમાં પણ મદદગાર થાય છે. પોષક તત્વોમાં કદાચ વિટામીન ડી જ એક માત્ર એવું પોષણ તત્ત્વ છે જેના પર જરૂરી ભાર મુકવામાં આવ્યો નથી. એનું કારણ કદાચ એ મફત જ મળે છે તે હશે.

આપણી ત્વચાનો જ્યારે સૂર્યપ્રકાશ સાથે સંપર્ક થાય છે ત્યારે શરીર એ બનાવે છે. દવાની કંપનીઓ તમને સૂર્યપ્રકાશ વેંચી તો ન શકે. આથી જ તો એનાથી થતા ફાયદાઓની જાહેરાત કોણ કરે ? ખરેખર મોટા ભાગના લોકો વિટામીન ડીના સ્વાસ્થ્ય લાભ અંગે ખરી હકીકત જાણતા નથી.

આપણે જાણીએ છીએ કે ઉતરાયણના દિવસે સૂર્યનો મકર રાશીમાં પ્રવેશ મતલબ કે સૂર્યની પૃથ્વી સામે ઉત્તર તરફનું પ્રયાણ થતું હોય છે. આ દિવસે સૂર્યના કિરણો આપણે આખો દિવસ શરીર પર લઈ શકીએ એટલા માટે અગાશી કે ખુલ્લા મેદાનમાં પતંગ ચગાવવા જતા હોઈએ છીએ. (જો આપ પતંગ ના ચગાવો તો પણ ખુલ્લા મેદાનમાં અથવા અગાશીએ જ્યાં સૌથી વધુ સૂર્યપ્રકાશ મળે ત્યાં રહેવું જોઈએ.)

આ દિવસ દરમિયાન આપણે તલના લાડુ, તલની ચીકી, તલનું કચરિયુ, શેરડી અને ચણા જેવો ખોરાક લેવો જોઈ. (ઉંધિયું ખાઈને તમે તમારા શરીરને બગાડવા કરતા એક દિવસ આવું ચટાકા પટાકાવાળું ખાવાનું બંધ રાખવું.)

સૂર્યપ્રકાશની હાજરીમાં વિટામીન ડી તો બનશે જ પણ એ માટે શરીરમાં જો કેલ્શિયમ, મેગ્નેશિયમ અને ફોસ્ફરસ હોય તો પુષ્કળ માત્રામાં બનશે. આ માટે જ તલને ઉતરાયણના દિવસે ખાવા જોઈએ કારણ કે ૧૦૦ ગ્રામ તલમાં ૯૭૫ મી.ગ્રા. કેલ્શિયમ હોય છે (જે તમારી રોજના કેલ્શિયમની જરૂરિયાતના ૯૮ ટકા થાય છે.) આ ઉપરાંત મેગ્નેશિયમ ૩૫૧ મી.ગ્રા. (શરીરને રોજની જરૂરિયાતના ૯૯ ટકા), ફોસ્ફરસ ૬૨૯ મી.ગ્રા. (શરીરને રોજની જરૂરિયાતના ૯૦ ટકા), લોહ તત્વ ૧૪.૬ મી.ગ્રા. (શરીરની રોજની જરૂરિયાતના ૧૧૨ ટકા) હોય છે. આ ઉપરાંત બીજા બધા વિટામિન્સ અને ઝીંક, પોટેશિયમ જેવા મિનરલ્સ તો ખરા જ.

એક સલાહ એ છે કે આપ આ દિવસે તલમાંથી બનાવેલી વાનગીઓ જ આરોગજો એમાં પણ ગોળમાં બનાવેલી હોય તો સૌથી ઉત્તમ કારણ કે ગોળમાં પણ મેગ્નેશિયમ, લોહ તત્વ, પ્રોટીન અને સુક્રોઝ અને બીજા ફાયદાકારક વિટામિન્સ હોય છે.

કેલ્શિયમ, મેગ્નેશિયમ અને ફોસ્ફોરસ અને લોહ તત્વથી ભરપુર ખોરાક લઈ ને સાથે મફતમાં મળતું વિટામીન ડી કમસે કમ થોડા મહિના તો ચાલશે જ.

**નોંધ :** સૂર્યપ્રકાશમાંથી વિટામિન ડી ભરપૂર માત્રામાં મળી રહે છે પરંતુ સવાર કરતા બપોરના સૂર્યપ્રકાશમાં વધુ મળી રહે છે. એમાં પણ સવારે ૧૧ થી ૨ સુધીનો સમય બેસ્ટ.

ટૂંકમાં કહું તો તડકામાં આપણો જેટલો પડછાયો લાંબો એટલું વિટામિન ડી ઓછું...જેટલો પડછાયો ટૂંકો એટલું વિટામીન ડી વધુ. કમસે કમ જ્યારે તડકે જવાનું થાય ત્યારે વધુમાં વધુ સૂર્ય પ્રકાશ લાગે એવા કપડાં પહેરવાં.

**નોંધ :** જો તમે આખા વર્ષના આવા ૩ દિવસ આવો ખોરાક લઈને તડકે રહેશો તો આખા વર્ષનું વિટામીન ડી તમારા શરીરમાં જમા થઈ જશે. કારણ કે શરીર વિડામીન ડી સ્ટોર કરી રાખે છે અને જરૂર પડે ત્યારે એનો ઉપયોગ કરે છે.

# સાવધાની થી જાગો

હું કહું છું કે આ કડકડતી ઠંડીમાં જેમની ઉંમર ૪૫ વર્ષથી ઉપર છે તેમણે રાત્રે ૧૦ વાગે ઊંઘ્યા પછી તરત જ ઉઠવું જોઈએ નહીં. કારણ કે ઠંડીને કારણે શરીરનું લોહી જાડું થઈ જાય છે. પછી ધીમે ધીમે કામ કરવાને કારણે તે હૃદય સુધી સંપૂર્ણ રીતે પહોંચી શકતું નથી અને શરીર બહાર નીકળી જાય છે. આ કારણોસર, ૪૦ વર્ષની આસપાસના લોકો અથવા ૪૦ વર્ષથી વધુ ઉંમરના લોકોમાં શિયાળાના મહિનાઓમાં કાર્ડિયાક અરેસ્ટને કારણે મોટી સંખ્યામાં હુમલા થતા હોવાનું જાણવા મળ્યું છે, તેથી આપણે અત્યંત સાવચેત રહેવાની જરૂર છે. હું એ જ સૂચન કરું છું.

**સાડા ત્રણ મિનિટ : મારી સલાહ**

વિજયસિંહ રાજપૂત ડો. સામાન્ય ચિકીત્સક

જેમને સવારે કે રાત્રી સૂતી વખતે પેશાબ કરવો પડે તેમના માટે ખાસ માહિતી

આ સાડા ત્રણ મિનિટમાં દરેક વ્યક્તિએ સાવધાન રહેવું જોઈએ.

તે આટલું મહત્વનું કેમ છે ?

આ સાડા ત્રણ મિનિટ મૃત્યુની આ સંખ્યામાં ઘટાડો કરી શકે છે. જ્યારે પણ આવી ઘટનાઓ બની છે, પરિણામે સ્વસ્થ લોકો પણ રાત્રે જ મૃત હાલતમાં મળી આવ્યા છે. આવા લોકો વિશે આપણે કહીએ છીએ કે અમે તેમની સાથે ગઈકાલે જ વાત કરી હતી. અચાનક શું થયું ? તે કેવી રીતે મૃત્યુ પામ્યા ? તેનું મુખ્ય કારણ એ છે કે જ્યારે પણ આપણે રાત્રે પેશાબ કરવા જઈએ છીએ ત્યારે અચાનક કે ઉતાવળમાં ઉઠી જઈએ છીએ. પરિણામે મગજ સુધી લોહી પહોંચતું નથી. આ સાડા ત્રણ મિનિટ ખૂબ મહત્વની છે. જ્યારે આપણે પેશાબ કરવા માટે મધ્યારાત્રિએ જાગીએ છીએ ત્યારે આપણી ECG પેટર્ન બદલાઈ શકે છે. તેનું કારણ એ છે કે અચાનક ઉભા થવાથી મગજ સુધી લોહી પહોંચતું નથી અને આપણા હૃદયની કામગીરી બંધ થઈ જાયછે.

**સાડા ત્રણ મિનિટનો પ્રયાસ શ્રેષ્ઠ માર્ગ છે.**

૧. ઊંઘમાંથી જાગતી વખતે ગાદલા પર અડધી મિનિટ સૂતા રહો.

૨. આગલી અડધી મિનીટ માટે ગાદલા પર બેસો.

૩. આગલી અઢી મિનિટ માટે પગને ગાદલા નીચે ઝૂલતા રહેવા દો.

સાડા ત્રણ મિનિટ પછી તમારું મગજ લોહી મેળવ્યા વિના નહીં રે અને હૃદયની ક્રિયા પણ બંધ નહીં થાય. તેનાથી અચાનક મૃત્યુમાં પણ ઘટાડો થશે.

તમારા પ્રિયજનોને લાભ મળવો જોઈએ, તેથી તેમને જાગૃત કરવા માટે પ્રસારણ કરો. **- સંકલન**


જય જય શ્રીગોકુલેશ　　જય સ્વામીનારાયણ

**નીલકંઠ – ૭૦૨૧૭૩૦૬૦૦ / ૯૦૦૪૩૪૩૩૧૦**

**હેતલબેન – ૯૦૦૪૩૪૩૩૨૦ / ૯૧૩૭૩૨૭૬૦૭**

| વસ્તુ | કિલો દિઠ ભાવ | | |
|---|---|---|---|
| અગિયારસનો ફરાળી લોટ | ૧૧૦/- | | |
| કાતરી (બટાકાની સડી) | ૩૫૦/- | | |
| પ્લેન વેફર બટાકાની | ૩૮૦/- | | |
| કાનાવાડી વેફર (ઝારીવાળી) | ૩૮૦/- | | |
| સાબુદાણાની ફરફર | ૩૮૦/- | | |
| સાબુદાણાની ચકરી (સડી) | ૩૮૦/- | | |
| મોરિયાની સેવ | ૪૦૦/- | ખીચીયા પાપડ | ૨૨૫/- |
| ચોખાની સેવ | ૨૨૫/- | જાડા મઠીયા | ૪૫૦/- |
| પતલા મઠીયા | ૪૫૦/- | ચોળાફળી | ૪૫૦/- |
| ફરસી પૂરી | ૪૫૦/- | મસાલા પૂરી | ૪૦૦/- |
| શક્કરપારા | ૪૦૦/- | ચેવડો (તળેલો) | ૪૦૦/- |
| ચેવડો (શેકેલો) | ૪૦૦/- | તીખી સેવ | ૪૦૦/- |
| ચકરી | ૪૦૦/- | મકાઈના વડા | ૪૦૦/- |
| પાપડ મરીના | ૪૦૦/- | પાપડ લીલા મરચાના | ૪૦૦/- |

# જિંદગી જીવવા અને માણવાનું 'મેનેજમેન્ટ'

- કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)

આપણે બીજું બધું શીખતા હોઈએ છીએ, પરંતુ જિંદગીને સારી રીતે જીવવાનું, જીવનને માણવાનું શીખવું પણ તેટલું જ જરૂરી છે.

સફળ વ્યક્તિએ જીવનમાં જેની કલ્પના પણ નહોતી કરી એવી ભૌતિક સફળતા માણી લીધી અને મજા આવે એમ જીવવું છે અને કંઈ ન કરવાની મોજ માણવી છે. સારી રીતે જીવવાની કોશિશ કરવા ઈચ્છે છે. જીવન જીવવાની કળા એ છે કે સારી રીતે જીવન જીવતા શીખે, જીવનને માણતા શીખે. જીવનમાં દુર્ઘટનાઓ સર્જાવાની શક્યતાઓ ઘટી જાય અને આપણી સાથે અન્ય વ્યક્તિઓને પણ તકલીફ થવાની શક્યતાઓ ઘટી જાય. જીવન માણતા આવડે એ સૌથી મહત્વનું છે. એ માટે પૈસા કે સફળતા હોવા મહત્વના નથી.

સંબંધો પ્રેમના આધારે નહીં સંવાદોના આધારે જીવતા રહે છે. બને તેટલી જાણકારી એકઠી કરવી અને બને એટલું હસવું, કોઈપણ સ્વાદને રોચક બનાવવા માટે જિજ્ઞાસા અનિવાર્ય છે. બૌદ્ધિક વ્યક્તિ એને કહેવાય જેનામાં દુનિયા કેવી રીતે કામ કરે છે તે જાણવાની જિજ્ઞાસા અને તે સમજણને વધુ બહેતર બનાવવાની વૃત્તિ હોય. બૌદ્ધિક એ નથી જેને બહુ આવડે છે, બૌદ્ધિક એ છે જેનામાં બહુ જાણવાની જિજ્ઞાસા છે.

બે વ્યક્તિઓ વચ્ચે જ્યારે બોલ-બોલ કરવાની મજબુરીને બદલે સાંભળવાની ધીરજનો સંબંધ હોય ત્યારે તેમની વચ્ચે ઉત્તમ સંવાદ સધાય. ખાલી બોલવાનું હોય ત્યારે તેના કેન્દ્રમાં માત્ર આપણે જ હોઈએ છીએ. સાંભળવાની તૈયારી હોય ત્યારે સામેની વ્યક્તિ કેન્દ્રમાં હોય છે. ઈગો બોલે, વિનય સાંભળે.

જેનામાં સાંભળવાની તૈયારી હોય તેનામાં જ સમજવાની ક્ષમતા હોય છે. કોઈને સાંભળવું એ મનનું પોઝ બટન છે. સમજવા માટેની પૂર્વશરત છે. એટલા માટે શ્રવણશક્તિ પણ ગ્રહણશક્તિ કહેવાય છે. બુદ્ધિશાળી વ્યક્તિની અસલી કસોટી એ પોતાની ભૂલ કે ગેરમાન્યતા સ્વીકારવા માટે કેટલી સક્ષમ છે. ઓપન માઈન્ડ એટલે કોઈપણ વિચાર કરવાની ક્ષમતા નહીં, બલ્કે કોઈપણ પ્રતિવિચારને સ્વીકારવાની તૈયારી.

તમારે તમારી ક્રિયાઓને કેવી રીતે પાર પાડવી પડશે કે જીવન સુંદર બને તેની મેનેજમેન્ટ ટીપ્સ 'કૃષ્ણ' પાસેથી શીખી શકીએ.

**મેનેજર અથવા બોસ :** દરેક જણ ભગવાન કૃષ્ણને સાંભળતા હતા કારણ કે તેઓ કોઈના બોસ ન હતા. તે લોકોના મિત્ર, સલાહકાર અને સાથી હતા. તેમણે ક્યારેય પોતાની શક્તિનો દુરુપયોગ કર્યો નથી. પાંડવો ટીમવર્કના કારણે જ જીત્યા.

**વ્યાપક વિચાર :** દરેક ક્ષણે જ્ઞાન બદલાય છે. લોકો તેમના વિચારો પણ બદલી રહ્યા છે. શ્રી કૃષ્ણ કહે છે કે તમે જે પણ કરો, તમારી દ્રષ્ટિ વિશાળ હોવી જોઈએ. ખૂબ આગળ જોવાની અને વિચારવાની ટેવ પાડો. કોઈપણ ચુસ્ત છટકબારીઓને અનુસરશો નહીં. પરિસ્થિતિનો ઉપયોગ કરો, જોખમ લો, તમારી ભૂમિકા બદલો અને સારથિ બનવા પણ તૈયાર રહો.

**નિસ્વાર્થ કાર્ય કરો :** શ્રી કૃષ્ણ કહે છે કે કાર્ય કરવું આપણા હાથમાં છે. પરંતુ તેનું પરિણામ શું આવશે તે આપણા હાથમાં નથી. જે વ્યક્તિ એ વિચારીને કામ કરે છે કે મારે મારું સંપૂર્ણ ૧૦૦ ટકા આપવાનું છે તે ઈચ્છિત પરિણામ મેળવી શકે છે. પરિણામની ચિંતા કરીને કામ ન કરવું એ નિષ્ક્રિયતા છે. નિઃસ્વાર્થ કાર્ય એ પોતાની ફરજ બજાવવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

**ધર્મ સાથે રહો :** જીવનમાં ગમે તેટલી મુશ્કેલીઓ

આવે પરંતુ ધર્મનો સાથ ન છોડો કારણ કે અધર્મની સાથે રહેવાથી તમને તાત્કાલિક લાભ મળી શકે છે, પરંતુ જીવનના કોઈપણ તબક્કે તમારે તેની કિંમત ચૂકવવી પડશે. શ્રી કૃષ્ણ કહે છે કે - હે અર્જુન, આકાશમાં દેવતાઓ છે તેમજ દાનવો પણ છે. જે તમને જુએ છે પરંતુ તમે તમારી જાતને જુઓ અને સમજો. ધર્મનિષ્ઠ બની ધર્મનું રક્ષણ કરશો તો ધર્મ તમારું રક્ષણ કરશે.

**તમારી જાતને પ્રેરિત કરો :** સકારાત્મક વલણ અપનાવવાથી ભગવાન કૃષ્ણ તેમની સાથેના તમામ લોકોને પ્રેરિત કરતા રહે છે. મિત્ર તરીકે સમજાવે છે. જ્ઞાન સાથે ઠપકો પણ આપે છે પરંતુ તેણે ક્યારેય કોઈનું મનોબળ તૂટવા દીધું નથી. તે તેના દુશ્મન સાથે પણ સમાન વ્યવહાર કરે છે.

**માનસિક નિયંત્રણ રાખવું :** ક્યારે શું કહેવું અને ક્યાં ન કહેવું તે સમજવું પણ ખૂબ જ જરૂરી છે. તેને વોઈસ કંટ્રોલ કહેવામાં આવે છે. તેવી જ રીતે વ્યક્તિએ શંકા, આશંકા, અવિશ્વાસ, નિરાશા, ક્રોધ, લોભ, ભય અને દ્વિધા પર નિયંત્રણ રાખતા શીખવું પડે. તમામ ખરાબ ગુણોથી દૂર રહેવાનો ઉદ્દેશ આપ્યો છે. મન, વચન અને કાર્યમાં એક બનો. જે વ્યક્તિ પોતાની વાત પર અડગ રહે છે. વિજય તેને ક્યારેય છોડતો નથી. તે દરેક કાર્યમાં સફળ થાય છે.

**સન્માન અને આદર :** ભગવાન કૃષ્ણ દરેક રીતે શકિતશાળી હતા પરંતુ તેમણે ક્યારેય તેમની શક્તિ દર્શાવી નથી. તેમનાથી મોટી ઉંમરના પુરુષોના પગને આદર આપતા અને સ્પર્શ કરતા. તેઓને સન્માન કરતા. તેઓ પ્રશંસાને પાત્ર બને છે. એટલા માટે વડિલોનું સન્માન કરવામાં હંમેશા આગળ રહેવું જોઈએ.

**કટોકટીનો સમય પોતાને સાબિત કરવાનો સમય છે :** સંકટના સમયે જ તમારે સાબિત કરવું પડશે કે તમે સક્ષમ છો. સંકટ ભલે તમારી જાત પર આવ્યું હોય, મિત્ર પર કે તમારી સંસ્થા પર તમારે એ સમયે જ મકક્મતાથી તેનો સામનો કરવાનો છે. સંકટ સમયે ભાગવાથી ધર્મનો પણ ત્યાગ થાય છે.

**માસ્ટર સ્ટ્રેટજી :** ભગવાન કૃષ્ણની માસ્ટર વ્યૂહરચના ન હોત, તો પાંડવો માટે યુદ્ધ જીતવું મુશ્કેલ હતું. તેથી, કોઈપણ કાર્ય કરતા પહેલા તેના માટે એક વ્યાપક યોજના બનાવવાની જરૂરી છે. યોજનાઓને અપડેટ કરતા રહેવું પણ મહત્વપૂર્ણ છે. યોજનાઓ વિના માત્ર કામ જ નહીં, જીવન પણ નિષ્ફળ સાબિત થાય છે.

**જો ધ્યેય સાચો હોયતો કૂટનીતિ અપનાવી શકાય :** એવું કહેવાય છે કે સીધા રસ્તેથી બધું મેળવવું સહેલું નથી. આવી સ્થિતિમાં ધર્મ કહે છે કે જો હેતુ સાચો હોય તો વાંકોચૂકો રસ્તો પણ અપનાવી શકાય છે. ખાસ કરીને જ્યારે અધર્મનું પલડું તમારી સામે ભારે હોય તો કૂટનીતિનો માર્ગ અપનાવવો. ✿✿✿


## દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)

(જ્યોતિર્વિદ-મુંબઈ)

**Sankalp Astrologist & Palmist**

તથા

**જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર, લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી, નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા, ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ, શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ, પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી, ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.**

**મો. - ૯૫૯૪૩૨૬૨૦૨**

# રસીયા

- નિમિષા જીજ્ઞેશ કડકીઆ (મરઘા)

આ ડાળ જાણે કે રસ્તા વંસતના
ફૂલોએ બીજું કૈં નથી, પગલાં વસંતના !
મલયાનિલોની પીંછીને રંગો ફૂલો ના લૈ,
દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના !
આ એક તારા અંગે ને બીજો ચમન મહીં,
જાણે કે બે પડી ગયા ફાંટા વસંતના !
મહેંકી રહી છે મંજરી એક એક આંસુમાં
મ્હોર્યા છે આજ આંખમાં આંબા વસંતના !
ફાટું ભરીને સોનું સૂરજનું ભરો હવે,
પાછા ફરી ન આવશે તડકા વસંતના !



તેરે લાલાને રંગ ડાર્યો જશોદા મૈયા (૨)
ચટક ચૂંદરી સબકી બીગાડી આઁખનમે પિચકારી મારી
મોઢો ગુલાબી કર ડાર્યો જશોદા મૈયા તેરે લાલાને......
બહોત બરજોરી મોસો કીની પકડી શ્યામે ધરતી પે દીની
લેંઘાકો તોડ દીયો નારો, જશોદા મૈયા તેરે લાલાને......
મારી શરમકી મૈં તો મર ગઈ, નેક દયા નહી લાયો નિરદઈ
પિયા લડેગો હમારો, જશોદા મૈયા તેરે લાલાને......
મુસ્કાયે તબ બાંકે બિહારી, શોચ કરે મનમેં વ્રજકી નારી
યે હે કાના બંસીવાળો જશોદા મૈયા તેરે લાલાને......
ધન્ય ધન્ય આ વ્રજ કી હોરી ધન્ય આ સદાયે વ્રજ કી ગોરી
સેવક મસ્ત તિહારો, જશોદા મૈયા તેરે લાલાને......

શ્રી ગોવર્ધન મહારાજ
તેરે માથે મુકુટ બિરાજ રહ્યો
તોપે પાન ચઢે, તોપે ફૂલ ચઢે (૨)
તોપે ચઢે દુધ કી ધાર... હો ધાર... તેરે માથે....
તેરે અંગ કેસરીયા જામા હૈ (૨)
તેરે ગલે ફુલન કી માલા... હો માલ... તેરે માથે....
તેરે કાનન કુંડલ સોહે હૈ.. (૨)
ઠો...ડી પે (૨) હીરાલાલ હો લાલ....તેરે માથે....
તેરે સાત કોસ કી પરિક્રમા (૨)
ચકલેશ્વર પે, વિશ્રામ-વિશ્રામ... તેરે માથે....
જો આવે તેરે દર્શન કો (૨)
વાકો કર દે બેડા પાર હો પાર...તેરે માથે....
દાસ ધર્યો તેરે ચરન મેં
પ્રભુ પર્યો તેરે ચરન મેં
એક તેરો હી.. આધાર.. આધાર...તેરે માથે....



કાના પિચકારી મત માર

કાના પિચકારી મત માર, મેરે ઘર સાસ લડેગી રે ,
મેરે ઘર સાસ લડેગી રે, મેરે ઘર નનંદ લડેગી રે
કાના પિચકારી મત માર...
સાસ ડુકરીયા મેરી બડી ખોટી, ગારી દેગી ન દેગી મોહે રોટી
દેરાણી જેઠાણી મેરી જનમ કી વેરન શુબા કરેગી રે
કાના પિચકારી મત માર...
જાય જાય જુઠ પિયાસો બોલે એક કી ચાર, ચાર કી સોલે
નનંદ બડી બદમાસ, પિયા કે કાન ભરેંગી રે
કાના પિચકારી મત માર...
કછુ ન બિગરે શ્યામ તુમ્હારો માકો હોયગો દેશ નિકારો
ગારી દે દે વ્રજકી નારી મેરી હંસી કરેગી રે
કાના પિચકારી મત માર...
હાઁ હાઁ શ્યામ પરુ તેરે પૈયા, ડારો શ્યામ મતિ ગલબહિયા
સૂર શ્યામ મોતીયન કી માલા તૂટ પરેગી રે
કાના પિચકારી મત માર...

---

કરકે ઈશારા બુલાઈ ગઈ રે બરસાને કી રાધા
જમુના કિનારે મોરી ઉંચી હવેલી
થોડો સો પતો બતાઈ જાઈએ
બરસાની કે રાધા
ગહવરવનમેં રોજ મીલે મોહે
કાનાને માખણ ખવાઈ ગઈ રે
બરસાની કે રાધા
સાંકડીખોરે રોજ મીલે મોહે
થોડો સો ગુલાલ લગાઈ ગઈ રે
બરસાની કે રાધા
આપ નાચે ઔર મોહે નચાવે
આવે મોરી છતીયાસે છતીયા લગાઈ ગઈ રે
બરસાની કે રાધા
કરકે ઈશારા બુલાઈ ગઈ રે બરસાની કે રાધા

**હોરિયામે ઉડે રે ગુલાલ કૈયો રંગ કેસરીયા**

મારી મંગેતર બિંદિયાળી, તીલકવાળો રે નવાબ...
મારી મંગતર નખરેવાળી, અટકચાળો રે નવાબ...
મારી મંગેતર કાજલવાળી, સુરમાવાળો રે નવાબ...
મારી મંગેતર નથણીવાળી, મુછોવાળો રે નવાબ...
મારી મંગેતર ઝૂમરવાળી, કુંડળવાળો રે નવાબ...
મારી મંગેતર ચૂડલાવાળી, કડલાવાળો રે નવાબ...
મારી મંગેતર ચૂનરીવાળી, પીતામ્બરવાળો રે નવાબ...
મારી મંગેતર પાયલવાળી, મોજડીવાળો રે નવાબ...
મારી મંગેતર ગજરાવાળી, મોરપિંછવાળો રે નવાબ...



કાના બરસાનેમેં આઈ જઈઓ (૨)
બુલાઈ રહી રાધા પ્યારી... બુલાઈ...
સોનેકી ગાગરમેં જમુના જળ ભરીયાં,
અરરરરર તેની ગરજ પડે તો ન્હાઈ જઈઓ (૨)
સોનેકી થાળીમાં ભોજન પરોસ્યાં,
અરરરરર તેની ગરજ પડે તો જિમ જઈઓ (૨)
સોનેકી ઝારીમાં જમુના જળ ભરીયાં,
અરરરરર તેની ગરજ પડે તો પી જઈઓ (૨)
પક્કા દો પાનકા રસિલા બીડલા
અરરરરર તેની ગરજ પડે તો ચબાઈ જઈયો (૨)
ચુન ચુન કલિયાઁ સેજ બિછાઈ,
અરરરરર તેની ગરજ પડે તો પોઢ જઈયો (૨)
ચાંદકી ચાંદનીમેં ચોપાટ બિછાઈ,
અરરરરર તેની ગરજ પડે તો ખેલ જઈયો (૨)

# રત્નકણીકા

**વોટ્સ અપ પરથી સાભાર**

D જીંદગી સીતાફળ જેવી છે.
હજી માંડ ક્રીમની મજા લઈએ ત્યાં ઠળિયો આવી જાય છે.

D વિશ્વાસ સ્ટીકર જેવો હોય છે.
બીજી વખત પહેલાં જેવો નથી ચોટતો.

D લાગણીનું તો છે ઘાસ જેવું
ઉગી આવે જ્યાં મળે ભીનાશ જેવું

D વળાંક આવે ત્યારે વળવું પડે
એને રસ્તો બદલ્યો ના કહેવાય

D મુઠ્ઠીભરનું હૈયું ને ખોબાભરનું પેટ
મુદ્દા તો બેજ તોય કેટકેટલી વેઠ....!!

D કોઈકે પૂછ્યું,
'તમે આટલા ખુશ કેવી રીતે રહી શકો છો. ?'
મેં કહ્યું,
'કેટલાકનું સાંભળી લઉં છું, કેટલાકને સંભાળી લઉં છું.

D કડવું બોલનારનું મધ વેચાતું નથી
ને મીઠું બોલનારના મરચાં વેચાઈ જાય છે.

D શિયાળામાં લોહી વહેતું રાખે એ માટે
એક તાપણું જોઈએ અને
લાગણીને વહેતી રાખે એ માટે એક આપણું જોઈએ.

D જેને ગમ્યો એમણે ધૂપ કહી દીધો મને
ના ગમ્યો જેને.. ધુમાડો કહી ગયા મને
પ્રભુને મળવા ગયો, ને રસ્તો ભૂલી ગયો.
માણસ તો બનવા ગયો પણ પ્રેમ ભૂલી ગયો
પરિવારને પામવા ગયો ત્યાં ખુદને ભૂલી ગયો
પૈસાને પામવા ગયો તો પરિવારને ભૂલી ગયો.
જિંદગીની દોડમાં હું ઉંમર ભૂલી ગયો
અને ઉંમર યાદ આવી ત્યારે હું જીવન ભૂલી ગયો.

D કોઈકની ખામી શોધવાવાળા માખી જેવા હોય છે જે
આખું સુંદર શરીર છોડીને ઘાવ ઉપર બેસતા હોય છે.

D મારી સાથે બેસીને... સમય પણ રડયો એક દિવસ
બોલ્યો, તું મસ્ત વ્યક્તિ છે, હું જ ખરાબ ચાલી રહ્યો છું.

D શું વેંચીને તને ખરીદું 'જિંદગી'
મારું તો બધું જ ગીરવી પડયું છે
જવાબદારીની બજારમાં.

D રોજ સાંજે ... સુરજ નહીં,, પણ
આ અણમોલ જિંદગી ઢળતી જાય છે.

D આંસુને ક્યાં હોય છે કોઈ વાણી..
સમજો તો મોતી... ન સમજો તો પાણી...

D સહન કરવાની આવડત હોય તો,
મુસીબતમાંય રાહત છે
હૃદય જો ભોગવી જાણે તો,
દુ:ખમાં પણ એક મજા છે.
આંખોમાં વસનારા જ રડાવી જાય છે.
દસ્તુર તો જુઓ આ દુનિયાનો, પોતાના
મોં ચડાવી બેઠા ને પારકા હસાવી જાય છે.

# બાલાસિનોર વિદ્યા મંડળ

## પ્રશંસનીય દાન

આપણી સંસ્થાને માતબર દાન નીચે જણાવેલ દરિયાદિલ દાતા પરિવાર તરફથી પ્રાપ્ત થયું છે.

અતિ સંવેદનશીલ, ભાવનાશીલ દાતા પરિવાર તરફથી તેમના સ્વર્ગસ્થ માતા-પિતાની મધુર યાદમાં નામ નહીં આપવાની શરતે રૂપિયા ૧,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર પૂરા) નું માતબર દાન ફી રાહત યોજના માટે મળ્યું છે.

સંસ્થાના સૌ કારોબારી સભ્યો જ્યોતિપુંજના જાહેર માધ્યમ દ્વારા દાતા પરિવારનો જાહેરમાં આભાર વ્યક્ત કરતાં કૃતજ્ઞતાંની લાગણી અનુભવે છે અને પરમ કૃપાળુ પરમાત્માને દાતા પરિવારના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રાર્થના કરે છે.

**લિ. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતી વતી**

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

સર્વે જ્ઞાતીજનો,

## દાનની અપીલ

જત જણાવવાનું કે આપણી આ સંસ્થા દ્વારા નિત નવી નવી પ્રવૃત્તિઓ હાથ ધરાય છે જેથી કરીને આપણા સમાજના સભ્યોને આર્થિક મદદ થતી રહે છે. આપણા સમાજમાં એવી ઘણી બધી સ્ત્રીઓ હશે કે જેઓને કદાચ ઘુંટણની તકલીફો હશે પણ કદાચ ભારે ભરખમ સર્જરીના ખર્ચને કારણે તેઓ પોતાના દર્દની સાથે પોતાનું જીવન વિતાવતા હશે.

સ્ત્રી વર્ગની આ મજબુરીને ધ્યાનમાં લેતા સમાજ દ્વારા તેઓને રાહત આપવાનો નિર્ણય લેવાયો છે.

સમાજ દ્વારા ફક્ત સ્ત્રીઓ માટે Knee Replacement Surgery માટે આર્થિક મદદ આપવાનો નિર્ણય લેવાયો છે.

આ માટે સંસ્થા દ્વારા એક યોજનાની રજુઆત કરાઈ છે અને તેના માટે રૂા. ૫૦,૦૦,૦૦૦/- (પચાસ લાખ) ની આવશ્યકતા છે.

આપણા સમાજમાં ઘણા ઉદારદિલ દાતાશ્રીઓ છે અને તેથી જ તો આપણો સમાજ ઉત્તરોત્તર પ્રગતિના પંથે આગળ વધી રહ્યો છે.

આપણા પૈકી જે ઉદાર દીલ દાતાશ્રીની ઈચ્છા હોય અને સંસ્થાની આ યોજના સાથે પોતાનું નામ જોડવા ઈચ્છુક દાતાશ્રી, તેઓને નમ્ર નિવેદન કે તેઓ સંસ્થાના મંત્રીઓ અથવા પ્રમુખશ્રીનો સંપર્ક સાધશો.

**કારાબોરી સમિતી વતી,**

**શ્રી મંજુલ ધારીઆ, શ્રી અનિશ ગાંધી, શ્રી સમીર શાહ**

**માનદ્ મંત્રીઓ**

# શ્રી બાલાસિનોર સાંસ્કૃતિક મંડળ

**શ્રી બાલાસિનોર સાંસ્કૃતિક મંડળના સભ્યો**

જત જણાવવાનું કે વર્ષ ૨૦૨૩-૨૦૨૪નું વાર્ષિક લવાજમ ભરવાની આખર તા. ૩૧.૩.૨૦૨૩ છે. પ્રત્યેક સભ્યને વિનંતી કે તેઓ પોતાનું લવાજમ સમયસર નીચે જણાવેલ સરનામે જમા કરાવશો. અથવા તો નીચે જણાવેલ સમિતીના નિકટતમ સભ્ય પાસે જમા કરાવશો.

વધુમાં જણાવવાનું કે મંડળના સભ્યપદ માટે ન્યુનતમ વય મર્યાદા ૪૦ વર્ષ કરવામાં આવેલ છે. ૪૦ વર્ષ કે તેથી વધુ વયના નવા સભ્ય લેવામાં આવશે. મર્યાદીત સંખ્યામાં નવા સભ્યો લેવાનો હોવાથી વહેલો તે પહેલોના ધોરણે સભ્યપદ આપવામાં આવશે.

**લવાજમ જમા કરાવવાનું સ્થળ :** શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ કાર્યાલય, ૪૫/૪૯ બાબુગેનુ રોડ, બાલકૃષ્ણ કૃપા બિલ્ડીંગ, ૧લે માળે, ઓફ કાલબાદેવી રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨, સમય : ૩ થી ૫ કલાકે

**સમિતીના સભ્યોના નામ :**

શ્રી રજનીકાંત કાં. કડકીઆ (ધરીવાળા) (સ્થાપક સભ્ય), શ્રી કાર્તિકેય ર. કડકીઆ (સંયોજક), શ્રી કિર્તી હી. કડકીઆ (લટકારી) (સભ્ય), શ્રી વિરેન્દ્ર કં. ગાંધી (સુરતી) (સભ્ય), શ્રી જીતેન્દ્ર કાં. મોદી (સભ્ય), શ્રી વ્રજેશ ન. દેસાઈ (સભ્ય), શ્રી નિકુંજ ર. કડકીઆ (મલમ) (સભ્ય), શ્રી મંજુલ શૈ. ધારિઆ (હેડમાસ્તર) (સભ્ય), શ્રી દિપક ન. શાહ (ખડગોધરાવાલા) (સભ્ય)

**શ્રી કાર્તિકેય ર. કડકીઆ (સંયોજક)**

# MAHATMA GANDHI CHARITABLE TRUST - VERASA

**PAN No. AAATM5482E**

**Contacts: Anu Sheth: 10, Krishna Kunj, 29/30 K.M. Munshi Marg, Mumbai 400 007**
**+91 98212 34313 ; Email : anusheth@gmail.com / Rajendra Desai: +91 9820080194**

Mahatma Gandhi Chartitable Trust (MGCT) supports 3 government run primary schools, one in Verasa, about 3 kms from Balasinor, one in Gehrasia Nu Muvada, about 6 kms from Balasinor, and another in Bhogya Kinare about a kilometer from Verasa, where many of the children who come to Verasa Primary School live. It is mainly the younger children, studying in Stds. 1-5, who attend this school. In many households the elder children, who walked to Verasa were getting all the help from us while the younger ones received nothing. This prompted us to adopt this school too.

The Trust gives uniforms, footwear, note books, text books, pens, pencils and educational instruments to the children of all 3 schools and also equipment for sports and games, art and music. We have also established a library in Verasa.

A medical camp for the children, courtesy of KMG Hospital in Balasinor, is held twice a year, and since many of the children are under nourished we supplement their mid-day meal (which is provided by the Government), with pulses, milk and a seasonal fruit. Medications are also given to all the children where necessary by KMG Hospital.

We also support those children who wish to study further, by helping them with their tuition fees and other expenses. A number have gone on for higher studies. After 10/12 Std., we encourage the children to take up technical courses at the ITI institutes or other diploma courses, but some have taken up a degree course. A number of the children have now got jobs, in the Army, the police force, as security guards, BSF and in private companies.

Rs. 5,000 per year covers the cost of one child and includes giving them 2 sets of uniforms, supplementing the amount given by the government for a mid day meal, footwear, school bags, note books, text books, pens, pencils and educational instruments. We also require funds for children who want to study further, and other costs incurred such as the salaries of the extra teachers we employ. We also send the children for an educational/cultural tour once every two years. This year we had taken them to Rayoli.

We do not have any administrative staff or offices and no administrative expenses and all donations to our Trust are exempted under Section 80-G.

We would be happy to host you at the school on 25/02/2023at any time from 10:00AM to 12:00PM Vehicles will be available for your convenience.

We look forward to seeing you!

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસમાં)ડીસેમ્બર માહે ૨૦૨૨ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

મેડીકલ, ગાયનેક, સર્જીકલ, ઓપીડી તેમજ સર્જીકલ ડ્રેસીંગ, આંખ, માનસિક, સોનોગ્રાફી, મોબાઈલ. ફિઝિયોથેરાપી તેમજ ઈમરજન્સીમાં કુલ ૭૦૦૫ દર્દીઓએ, એક્ષરે વિભાગમાં ૨૪૮ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં કુલ ૩૮૭૧ દર્દીઓએ લાભ લીધેલ છે. સર્જનના મેજર ઓપરેશન ૦૬, માયનોર ઓપરેશન ૨૧, ગાયનેકના મેજર ૧૯૦ ઓપરેશન પૈકી ૧૪૯ કુટુંબ કલ્યાણનાં તથા માયનોર ઓપરેશન ૦૧ તથા ઈ.એન.ટી. માયનોર ઓપરેશન ૨૮ તેમજ આંખના મેજર ઓપરેશન ૨૭૩ કરવામાં આવેલ છે. તેમજ દવાની કુલ માફી રૂા. ૧૦૧૬૬૫૧/- તેમજ ઈનડોરમાં રૂા. ૩૭૬૯૩૦/- ની માફી તેમજ ઓ.પી.ડી.માં (લેબ, એક્ષરે, ઓક્સિજન વિગેરેમાં) રૂા. ૧૦૬૭૨૦/-ની માફી મળીને કુલ રૂા. ૧૫૦૦૩૦૧/- ની માફી કરવામાં આવેલ છે.

**હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ**

૧. **કુસુમબેન કિર્તનલાલ પારેખ છારીનો કેમ્પ :** તા. ૧૬.૧૨.૨૦૨૨ના રોજ ૩૫ દર્દીઓની આંખમાંથી રાહતદરે છારી કાઢવામાં આવેલ.

૨. **મણીબેન મોહનલાલ શાહ (વસનજી) તથા રમતીબેન રમણલાલ કડકીઆ (ટોકરશી) ઈકો કેમ્પ : તા.** ૧.૧૨.૨૦૨૨ના રોજ ૩૫ દર્દીઓના તથા તા. ૨૨.૧૨.૨૦૨૨ના રોજ ૪૫ દર્દીઓના રાહત દરે કરવામાં આવેલ.

**કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશીયાલીટી સેન્ટર**માં માહે ડીસેમ્બર ૨૦૨૨ના માસ દરમ્યાન ફીજીશીયન, ઈ.એન.ટી., ઓર્થો, સ્કીન, ડેન્ટલ, ઈમરજન્સી તેમજ ગેસ્ટ્રોલોજીનાં મળી કુલ ૧૭૬૦ દર્દીઓએ તથા એક્ષરે વિભાગમાં ૨૩૧ દર્દીઓએ તેમજ પેથોલોજી વિભાગમાં ૩૭૧૬ દર્દીઓએ તેમજ સીટીસ્કેન વિભાગમાં ૬૮ દર્દીઓએ લાભ લીધેલ છે. રૂા. ૧૭૯૭૩/- ની દવા તથા માફી, તથા ઈનડોર રૂા. ૪૯૦૦/- તથા પેથોલોજીમાં માફી રૂા. ૧૨૬૦/- મળીને કુલ રૂા. ૨૪૧૩૩/- ની માફી કરવામાં આવેલ છે તથા ડાયાલીસીસમાં સરકારશ્રીની યોજના હેઠળ ૨૫૪ દર્દીઓએ લાભ લીધેલ છે.

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન :**

| | | |
|---|---|---|
| ૧. | શ્રી ચિરાગ કીર્તિકુમાર કડકીઆ | રૂા. ૨૨૫૦૦૦/- |
| ૨. | શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ | રૂા. ૧૦૦૦૦૦/- |
| ૩. | શ્રી ચંદ્રવદન શાંતિલાલ શાહ | રૂા. ૫૦૦૦૦/- |
| ૪. | શ્રી યોગેશભાઈ ઓચ્છવલાલ મોદી હસ્તે અમી અને રોમીન | રૂા. ૫૦૦૦૦/- |
| ૫. | શ્રી ચિરાયુ હિતેન્દ્ર ત્રિવેદી | રૂા. ૨૫૦૦૦/- |
| ૬. | શ્રી વિશાલ વિજયકુમાર દેસાઈ | રૂા. ૧૧૦૦૦/- |
| ૭. | કુ. અર્ચના ડાહ્યાભાઈ અમીન | રૂા. ૧૦૦૦૦/- |

**નોંધ :** (૧) આ વર્ષનો કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટનાં સખાવતી દાતાશ્રીઓનો સન્માન સમારંભ તા. ૨૬.૨.૨૦૨૩ને રવિવારના રોજ યોજવામાં આવ્યો છે. સર્વેને સમારંભમાં હાજર રહેવા આમંત્રણ તેમજ વિનંતી છે. (૨) જ્યોતિપુંજના ગત અંકમાં નર્સિંગ કોલેજના દાન માટે જે અપીલ કરવામાં આવી હતી તે અપીલનો સર્વે સખાવતી

દાતાશ્રીઓએ યોગ્ય પ્રતિસાદ આપવા વિનંતી છે. તેમજ આ અંગે અપીલમાં જણાવેલ હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી.

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને એ.એન.એમ. નર્સિંગ કોર્સ તથા બી.એસ.સી. નર્સિંગ કોલેજની ગુજરાત નર્સિંગ કાઉન્સિલ તરફથી મળેલ માન્યતા મુજબ આ બેઉ કોર્સ ચાલુ થઈ ગયેલ છે.

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત યોજનામાં રૂા. ૧૧૦૦૦/- નો ફાળો નોંધાવી** ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા વિનંતી.

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫૦૦૦ /- ભરી આજીવન સભ્ય થવા વિનંતી.**

**શ્રી પરેશ પરીખ / શ્રી જતીન દેસાઈ**
**માનદ્ મંત્રીશ્રીઓ**






# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

- **શ્રી પ્રવીણચંદ્ર જીવરામભાઈ સેવક**
  ૪૦, નાલંદા રેસીડેન્સી નંબર-૧,
  વીરપુર રોડ, સર્કલ પાસે,
  બાલાસિનોર-૩૮૮૨૫૫, (જીલ્લો - મહિસાગર)
  **મોબાઈલ : ૯૪૨૭૦૮૩૧૯૯**
- **શ્રી સુજીત નટવરલાલ કડકીઆ**
  ૯૪/૨૫/એ, પ્રભાત રોડ, ૩૦૧, માણિક એપાર્ટમેન્ટ,
  ૧૧ મી લેનના કોર્નરની નજીક, પૂના - ૪૧૧૦૦૪.
  **સુજીત - ૯૮૨૨૦૬૨૪૮૦ - દિપ્તી - ૯૮૫૦૫૦૮૪૦૯**
- **શ્રી દિલીપ નટવરલાલ કડકીઆ**
  ૯૪/૨૫/એ, પ્રભાત રોડ, ૪૦૧, માણિક એપાર્ટમેન્ટ,
  ૧૧ મી લેનના કોર્નરની નજીક, પૂના - ૪૧૧૦૦૪
  **દિલીપ - ૯૪૨૩૫૭૧૯૧૦ - દિપ્તી - ૯૮૨૩૮૪૧૭૦૦**

## મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| રમેશચંદ્ર મોહનલાલ પરીખ (બંગાળી) | ૮૫ |
| નિલેશ એસ. દેસાઈ | ૫૩ |
| મધુબેન પ્રવિણચંદ્ર બાબુભાઈ શાહ (હાથીખાનાવાળા) | ૮૯ |
| તરુલતા કિરીટકુમાર ધારીઆ (યુ.એસ.એસ.) | .... |
| નીલા ચંદ્રકાંત મોદી (દેવ) | ૭૨ |
| કોકીલાબેન દિનકરલાલ કચેરીઆ (વરખા) | ૮૨ |

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**


**મગજ ક્યારેય સીધું ચાલતું નથી,**
**અને**
**હૃદયને આડું ચાલતા આવડતું નથી.**
**સરવાળે.....**
**મગજવાળા હૃદયવાળાની ભરપૂર મજા લે છે.**

Authorised Distributors

# POLYCAB

WIRES & CABLES



- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

**AMRISH KACHARIA** +91 9769025153

# PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

WPP License No. MR/TECH/WPP-147/South/2021-23
Regd.No.MCS / 050 / 2021-23
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

Celebrating 45 Years

ANUKOOL selections®

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH
RASESH PAREKH

542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.Contact: ☎ 2361 2848 - 2369 4166, 9930635579
E: anukoolselections@gmail.com, W: www.anukoolselections.com

IES®

Celebrating 25th Year

INTEGRATED ENTERTAINMENT SOLUTIONS®
Your Indian Distribution Partner
Intelligent Pro-Lighting, Pro-Sound & AV Distribution

ROBE® AVOLITES MADRIX LIGHTING CONTROL HK AUDIO
ANOLIS Lucenti ASHLY lumenradio Luminex CAPTURE PENTON DJPOWER

Concept • Design • Installation • Supply • Training • Maintenance

E: iesolns@gmail.com W:www.iesolns.com. Rasesh Parekh: 9821125579

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh
& Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.